આકાશવાણી, અમદાવાદ

06-08-2025 Midday: 2.30 to 2.35 pm

Wednesday Regional News

## GANDHINAGAR SANSKRIT YATRA

રાજ્યભરના તમામ જિલ્લાઓમાં આજથી રાજ્યકક્ષાના ‘સંસ્કૃત સપ્તાહ મહોત્સવ’ ની ઉજવણીનો આરંભ થયો. 12 ઓગસ્ટ સુધી યોજાનારી ઉજવણી અંતર્ગત શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે આજે ગાંધીનગરમાં 'સંસ્કૃત ગૌરવ યાત્રા'નું પ્રસ્થાન કરાવ્યું. આ પ્રસંગે તેમણે કહ્યું નવી શિક્ષણ નીતિ 2020 મુજબ વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું જ્ઞાન આવે તે માટે અભ્યાસક્રમમાં સંસ્કૃત ભાષાને વિશેષ પ્રાધાન્ય અપાયું છે.

ગાંધીનગરમાં જયતુ સંસ્કૃતમ્, જયતુ ભારતમ્ ના મંત્ર સાથે યોજાયેલી યાત્રામાં શાળા, કોલેજ, સંસ્કૃત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સહિત અંદાજે 650થી વધુ સંસ્કૃત પ્રેમીઓ જોડાયા.

આ સપ્તાહ દરમિયાન સંસ્કૃત ગૌરવ યાત્રા, સંભાષણ દિવસ, સંસ્કૃત સાહિત્ય દિવસ, ચારેય વેદોનું પૂજન, ઋષિ પૂજન, શાસ્ત્રો પૂજન વગેરે દિવસોની ઉજવણી સ્વરૂપે વિવિધ કાર્યક્રમ યોજાશે.

. . . . . . . . . .

## KUBER DINDOR ON TEACHERS

શિક્ષણ મંત્રી ડૉક્ટર કુબેર ડિંડોરે રાજ્યની શાળાઓમાં શિક્ષણની ઘટ અંગે કહ્યું, નાની-મોટી ખૂટતી કડી હશે તેને સરકાર પૂરી કરશે. ગાંધીનગરમાં આજે યોજાયેલા એક જાહેર કાર્યક્રમમાં શ્રી ડિંડોરે આ વાત કહી.

. . . . . . . . . .

## MORBI MAGFALI CHORI

રાજકોટના જેતલસર ગામમાં રાષ્ટ્રીય વખાર નિગમ- CWCના વખારમાંથી મગફળીની ચોરી વખારના કર્મચારીઓએ જ કરી હોવાનું જણાયું છે. પોલીસે આરોપીઓને પકડી આ મામલે વધુ કાર્યવાહી હાથ ધરી છે. હવે ચોરીમાં સંડોવાયેલા લોકોની તપાસ કરાશે. રાષ્ટ્રીય કૃષિ સહકારી સંસ્થા- નાફેડના વડા મોહન કુંડારિયાએ આજે મોરબીમાં આ ઘટના અંગે વધુ માહિતી આપી.

. . . . . . . . . .

## GNR CABINET MEETING

ગાંધીનગરમાં આજે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઈ. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં રાજ્યમાં ખાતરની અછત અને તેને લઈ સર્જાયેલા પ્રશ્નો તેમજ રાજ્ય સરકારના આગામી કાર્યક્રમ તથા નીતિગત વિષય અંગે સમીક્ષા કરવામાં આવી.

ઉપરાંત વરસાદ ખેંચાતા ખેડૂતોની વીજળીની માગ અને સિંચાઈ માટે પાણી, વિધાનસભાના ચોમાસા સત્ર, સ્વાતંત્ર્ય પર્વના રાજ્યકક્ષાના કાર્યક્રમ અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી.

. . . . . . . . . .

## RAGHAVJI PATEL - KHATAR

કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું, રાજ્યના ખેડૂતોને જરૂરિયાત મુજબ ખાતર મળી રહે તેવું આયોજન સરકારે કર્યું છે. ખાતરની અછત અંગે રાજ્યના વિવિધ વિભાગમાંથી ફરિયાદ મળતા અધિકારીઓની એક ટુકડી બનાવવામાં આવી છે. આ ટુકડીએ તપાસ હાથ ધરી છે. ગાંધીનગરમાં માધ્યમોને માહિતી આપતા કૃષિમંત્રીએ આ વાત કહી.

. . . . . . . . . .

## PATAN VISHRAM GRUH

પાટણની ધારપુર આરોગ્ય મહાવિદ્યાલય હૉસ્પિટલ પરિસરમાં દર્દીઓના સગાઓ માટે નવું વિશ્રામ ગૃહ અને રેન બસેરા બનાવાશે. જિલ્લા કલેક્ટર તુષાર ભટ્ટના હસ્તે આજે આ વિશ્રામ ગૃહનું ખાતમુહૂર્ત કરાયું. આ ગૃહમાં દર્દીઓના સગાઓ માટે રાહત દરે રહેવા અને જમવા સહિતની સુવિધા ઉપલબ્ધ હશે.

. . . . . . . . . .

## VANDE SOMNATH FEST

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં શ્રાવણ માસ નિમિત્તે કળા અને ભક્તિનો મહાસંગમ "વંદે સોમનાથ કળા" મહોત્સવ યોજાઈ રહ્યો છે, જ્યાં દેશભરના કલાકારો નૃત્ય આરાધના પ્રસ્તુત કરી રહ્યા છે. મહોત્સવનો પાંચમો તબક્કો આગામી 11 ઑગસ્ટે યોજાશે, જેમાં ઓડિશી નૃત્ય, કથક નૃત્ય અને પરંપરાગત ટિપ્પણી નૃત્ય રજૂ કરાશે.

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય કળા કેન્દ્ર – IGNCA અને ગુજરાત પ્રવાસન વિભાગના સહકાર સાથે આયોજિત મહોત્સવનો હેતુ ભારતના તિર્થો અને મંદિરોના આધ્યાત્મિક ઉપરાંત સાંસ્કૃતિક ગૌરવને પુન: સ્થાપિત કરવાનો છે.

. . . . . . . . . .

## STATE- SANSKRIT SAPTAH MAHOTSAV

રાજ્યમાં આજથી શરૂ થયેલા સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત સુરેન્દ્રનગરમાં નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાની ઉપસ્થિતિમાં આજે 'સંસ્કૃત ગૌરવ યાત્રા' યોજાઈ.

રાજકોટમાં જિલ્લા પંચાયત ચોક સુધી યોજાયેલી આ યાત્રામાં કુલ 35 શાળાના એક હજાર 700 જેટલા વિદ્યાર્થીઓ સંસ્કૃત સૂત્ર અને સંસ્કૃત સુભાષિતોના આશરે 100 બેનરો, સાથે વિદ્યાર્થીઓ અને શિક્ષકો આ યાત્રામાં જોડાયા હતા. આ યાત્રા દરમિયાન 'સંસ્કૃત ભાષા, મધુરા ભાષા', 'વદતુ સંસ્કૃતમ્, જયતુ સંસ્કૃતમ્'નો જયઘોષ કરાયો.

મહીસાગર જિલ્લાના પ્રસિદ્ધ  લુણેશ્વર મહાદેવ મંદિરથી સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાઇ, જેમાં જિલ્લા શિક્ષણ અધિકારી સહિત મહીસાગર સંસ્કૃત ભારતીના હોદ્દેદારો, 15થી વધુ  શિક્ષક અને વિવિધ શાળાઓના 700થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા. દરમિયાન સૌએ સંસ્કૃત ભાષા અને સંસ્કૃતિનું સંરક્ષણ કરવાનો સંકલ્પ લીધો.

. . . . . . . . . . .

## MUMBAI AMDAVAD BULLET TRAIN

મુંબઈ-અમદાવાદ બૂલેટ ટ્રૅન પરિયોજના માટે વડોદરાની વિશ્વામિત્રિ નદી પરના પૂલનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું. 80 મીટરની લંબાઈ ધરાવતો આ પૂલ વડોદરા—સુરત પશ્ચિમ રેલવેની મુખ્ય લાઈનને સમાન્તર છે.

અત્યાર સુધી રાજ્યમાં નિર્ધારિત 21 નદીના પૂલમાંથી 17 પૂલ પૂર્ણ થઈ ગયા છે. નૅશનલ હાઈ સ્પીડ રૅલ કૉર્પોરેશન લિમિટેડના કૉરિડોરમાં કુલ 25 નદીના પૂલ છે, જેમાંથી 21 પૂલ ગુજરાતમાં અને ચાર મહારાષ્ટ્રમાં છે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . .